# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી – 110001

# બાંગ્લાદેશમાં હિન્દૂ લઘુમતી જૂથો સામે હિંસાચારની ભાજપે ગંભીર નોંધ લીધી

બાંગ્લાદેશમાં સ્થાનિક સુરક્ષાની સમસ્યા તેમની આંતરિક બાબત છે. જો કે મતદાન પછીની હિંસામાં તે પરિસ્થિતિ ન હતી. તે હુમલા ઠાકુરગાંવના ઉત્તર જીલ્લાઓમાં તેમજ ચિત્તાગોંગ અને પશ્ચિમી જેસ્સોરના દક્ષિણ જિલ્લાઓના લઘુમતી વસતિ ધરાવતા ગામોમાં થયા હતા. બાંગ્લાદેશી પ્રસાર માધ્યમોએ પણ તે ચાર જિલ્લાઓમાં હિન્દૂ સમુદાયો પર થયેલા હુમલાઓની ટીકા કરી છે. ચૂંટણીઓ બાદ થયેલા તે હુમલાઓમાં લઘુમતી સમુદાયના સેંકડો ઘરોને આગ ચાંપવામાં આવી હતી અને લૂંટફાટ કરવામાં આવી હતી એવો દાવો તે અહેવાલોમાં કરાયો છે .

એ જ રીતે, પાકિસ્તાન હિન્દુ કાઉન્સિલે એવી ચેતવણી વ્યક્ત કરી છે કે હિન્દુ યુવતીઓને લક્ષ્યાંક બનાવીને ત્રાસ આપીને અને બળાત્કાર વડે વારંવાર ધાર્મિક રૂપાંતર તરફ દોરી જવાના બનાવો વધી રહ્યા છે. પાકિસ્તાનની વેબસાઈટ Dawn.com એવો દાવો કરે છે કે હિન્દુ કન્યાઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે અને હિન્દૂ મંદિરો પર હુમલા જેવા ગુનાઓ મારફતે ધર્માંતરની ફરજ પાડવામાં આવે છે. 3000 હિન્દુઓ 2012માં નાસીને ભારત જતા રહ્યા હતા. તે પ્રમાણ અગાઉના વર્ષ કરતાં વધુ છે. IRIN – સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ અધિકાર સંકલન વિભાગની સમાચાર સેવાના અહેવાલ મુજબ હિન્દુ યુવતીઓને લક્ષ્યાંક બનાવી તેઓ પર બળાત્કાર વડે ઈસ્લામ ધર્મમાં રૂપાંતર કરવાના કૃત્યો થઈ રહ્યા છે. ભારતીય પ્રસાર માધ્યમોના અહેવાલો મુજબ આવી 15-20 ઘટનાઓ દર મહિને માત્ર કરાચીમાં બનતી હોવાના અહેવાલ છે. એશિયન માનવ અધિકાર પંચે પણ તે વલણમાં વધારો થયાના અહેવાલ આપ્યા છે. પડોશી દેશમાં આવી અસ્થિરતા સર્જાઈ રહી છે, જેમાં લઘુમતી નાગરિકો - મોટે ભાગે હિન્દુઓને બાંગ્લાદેશ અથવા પાકિસ્તાનમાં લક્ષ્ય બનાવીને હેરાન કરવામાં આવી રહ્યા છે.

વિદેશ મંત્રાલયે રાજદ્વારી તખતે કાળજીપૂર્વક આ મુદ્દાઓ ઊઠાવવા જોઈએ.

**(અરુણ કુમાર જૈન)**

**કાર્યાલય મંત્રી**